"સ્કોપ" સોસાયટી ફોર ક્રિએશન ઓફ અપોર્ચ્યુનિટીઝ થ્રુ પ્રોફીસીઅન્સી ઇન ઇંગ્લિશ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એસસીપી-૨૯૦૦-૨૬૯૯-ખ.૧
સચિવાલય, ગાંધીનગર.

તા. 12 MAY 2022

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા-૨૭/૦૨/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૦૭/૫૪૨/ગ

(૨) શિક્ષણ વિભાગનો તા-૧૫/૧૦/૨૦૦૮ નો સમાનાંકી ક્રમાંકનો ઠરાવ

(૩) શિક્ષણ વિભાગનો તા-૦૧/૦૨/૨૦૨૨ નો સમાનાંકી ક્રમાંકનો ઠરાવ

(૪) સ્કોપ કચેરીનો તા-૨૭/૦૨/૨૦૦૭નો M.O.A

(૫) સ્કોપ કચેરીનો તા-૨૧/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક:-સ્કોપ/પત્ર/૨૦૨૧-૨૨/૦૩૩૧

આમુખ:-

રાજ્યમાં ૧૫ થી ૩૫ વર્ષની વય જુથના યુવાનોમાં અંગ્રેજી ભાષાના શિક્ષણ માટે જાગૃતિ આવે અને શિક્ષણ મેળવવા માટેની સગવડતાઓ ઉભી કરવા માટે સ્વતંત્ર રીતે કામ કરતી સોસાયટી તરીકે વંચાણે લીધેલ ક્રમ(૧)ના ઠરાવથી "SCOPE" (Society for Creation of Opportunities through Proficiency in English)ની રચના સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૯૦ હેઠળ કરવામાં આવેલ હતી. ઉકત ઠરાવથી સ્કોપની ગવર્નિંગ બોડીની પણ રચના કરવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી સ્કોપની કામગીરી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને સોંપવામાં આવેલ. તેમજ વંચાણે લીધેલ ક્રમ (૩) ના ઠરાવથી સ્કોપના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે તથા "સ્કોપ"ની ગવર્નિંગ બોડી (GB) અને એક્ઝિક્યુટિવ કમિટી (EC)ના સભ્યસચિવ તરીકે કમિશ્નરશ્રી/નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણને હોદ્દાની રૂએ નિયુક્ત કરવાનું ઠરાવવામાં આવેલ.

"સ્કોપ"ની કામગીરીમાં એકસૂત્રતા આવે અને કામગીરી સુચારુરૂપે થઇ શકે તે માટે સ્કોપની ગવર્નીંગ બોડી(GB) અને એક્ઝીક્યુટિવ કમિટિ (EC)માં જરૂરી ફેરફારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧. વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવમાં "૧૫ થી ૩૫ વર્ષની વયજુથના યુવાનોનો સમાવેશ કરવામાં આવેલ. તેમા સુધારો કરી "૧૦ થી ૩૫ વર્ષની વય જુથના યુવાનો સમાવેશ કરવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ના ઠરાવ મુજબ સ્કોપની ગવર્નીંગ બોડી(GB) અને એક્ઝીક્યુટિવ કમિટિ (EC)માં ક્રમ નં-(૫) પર "કમિશનર, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ" સભ્ય તરીકે નોંધાયેલ છે. તેમાં ફેરફાર કરીને **"કમિશનરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી"** ગવર્નીંગ બોડી(GB) અને એક્ઝીક્યુટિવ કમિટિ (EC)ના સભ્ય તરીકે રાખવામાં આવે છે."

ઉક્ત સુધારા મુજબ સ્કોપની ગવર્નીંગ બોડી(GB) અને એક્ઝીક્યુટીવ કમિટિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

ગવર્નીંગ બોડી (GB)

| ક્રમ | હોદો | GBમાં સ્થાન |
|---|---|---|
| ૧. | માનનીય મંત્રીશ્રી (શિક્ષણ), ગુજરાત રાજ્ય | અધ્યક્ષ |
| ૨. | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) | સભ્ય |
| ૩. | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) | સભ્ય |
| ૪. | કમિશનરશ્રી/નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ | સભ્ય સચિવ |
| ૫. | કમિશનરશ્રી/નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી | સભ્ય |
| ૬. | ચેરમેન, ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ | સભ્ય |
| ૭. | કમિશનરશ્રી/નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | સભ્ય |
| ૮. | કમિશનરશ્રી/નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(G.C.E.R.T) | સભ્ય |
| ૯. | બિન સરકારી સભ્ય | સભ્ય |
| ૧૦. | બિન સરકારી સભ્ય | સભ્ય |

એક્ઝીક્યુટિવ કમિટિ (EC)

| ક્રમ | હોદો | ECમાં સ્થાન |
|---|---|---|
| ૧. | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) | અધ્યક્ષ |
| ૨. | કમિશનરશ્રી/નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ અને હોદ્દાની રૂએ CEO, SCOPE | સભ્યસચિવ |
| ૩. | ચેરમેન, ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ | સભ્ય |
| ૪. | કમિશનરશ્રી/નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી | સભ્ય |
| ૫. | શિક્ષણવિદ્ | સભ્ય |
| ૬. | શિક્ષણવિદ્ | સભ્ય |
| ૭. | શિક્ષણવિદ્ | સભ્ય |
| ૮ | વાઇસ ચાન્સલર, બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. | સભ્ય |

ઉપર મુજબના સુધારા અનુસાર SCOPE સોસાયટીના મેમોરેન્ડમ અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનમાં જરૂરી ફેરફાર SCOPE કચેરી દ્વારા કરવાના રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાયલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.કા.મંત્રીશ્રી(ઉ.શિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના :

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કમિશનરશ્રી શાળાઓ, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના, બ્લોક 14, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી/નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(G.C.E.R.T)
- વાઇસ ચાન્સેલરશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ઉચ્ચ ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)
- એ.જી.કચેરી, અમદાવાદ/રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધીકારીશ્રી, ગાંધીનગર.
- જોઇન્ટ સી. ઇ. ઓ. સ્કોપ, અમદાવાદ
- સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ